તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું હસ્તલિખિત મેગેઝિન

# એપ્રિલ 2024

## PART 2

Dt. 16 to 30

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ


ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

CCE | TAT | TET | HTAT

7600051070




રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા આનંદ મહોત્સવ નિમિત્તે

# હાર નહિ માનુંગા

## કોઈ પણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર



ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ


**CRACK GPSC**

## FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.

- **Video Courses** પર ક્લિક કરી **કોર્સ** પર ક્લિક કરો.
- **Redeem Code** પર ક્લિક કરી **CrackGPSC** કોડ દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.

(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)

અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.



ફરી એકવાર Dy. SO પરીક્ષામાં
સાબિત કરી દીધું કે...
માત્ર 225 પેજની
આ બુક સ્પર્ધાત્મક
પરીક્ષાઓ માટે છે
પરમાણુ બોમ્બ
LATEST
આ બુક તો વાંચવી જ પડે...
ફાસ્ટ ટ્રેક
બંધારણ
એક બુક
બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય
40%
ડિસ્કાઉન્ટ
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
7600051070




ઘરે ઘરે વસાવવા લાયક
552 પાનાં ધરાવતું
દળદાર પુસ્તક
શાળા, કોલેજ કે સરકારી પરીક્ષાની તૈયારી કરતા
વિદ્યાર્થીઓ માટે
હું છું
ગુજરાત
ગુજરાત માટે આવી બુક
જોઈ નહિ હોય
આ બુક તો વાંચવી જ પડે...
હું છું 'ગુજરાત'
એક બુક, બધી પરીક્ષાઓ
40%
ડિસ્કાઉન્ટ
,તમામ સંદર્ભ પુસ્તકો, સરકારી પુસ્તકો
સરકારી વેબસાઈટ્સ, પાઠ્યપુસ્તકોનો
ક્રમબદ્ધ, વ્યવસ્થિત અને
ઓથેન્ટિક રીતે ઉલ્લેખ
40થી વધુ નકશાઓ
દ્વારા રજૂઆત
MRP. 496/-
Only 299/-
Crack GPSC
વધુ વિગત માટે Whatsapp કરો 7600051070

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

**UP TO 40% OFF**

**IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર**




| | | | | |
|---|---|---|---|---|
| MRP. ~~496/-~~ | MRP. ~~380/-~~ | MRP. ~~380/-~~ | | |
| Only @ 299/- | Only @ 230/- | Only @ 230/- | Coming... | Coming... |

**કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ**




| | | | | |
|---|---|---|---|---|
| MRP. ~~270/-~~ | MRP. ~~230/-~~ | MRP. ~~385/-~~ | MRP. ~~280/-~~ | MRP. ~~180/-~~ |
| Only @ 162/- | Only @ 170/- | Only @ 235/- | Only @ 168/- | Only @ 126/- |

**ORDER**

Visit website **crackgpsc.com/books** **OR અથવા** **Crack GPSC** એપમાં **BOOKS** વિભાગ પરથી **OR અથવા** અહીં આપેલ **QR કોડ દ્વારા પેમેન્ટ કરો.**

**કુરિયર સર્વિસ FREE** (4 થી 5 દિવસમાં ડિલીવરી)

**QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.**

## Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય

**સરકારી નોકરીની તૈયારી માટે**

**76000 51070**

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

## [*] 16 એપ્રિલ - 2024 [*]

[*] ભારત એવા 12 દેશોમાં સામેલ છે જે પૃથ્વીના 60% કુપ્રબંધિત પ્લાસ્ટિક કચરા માટે જવાબદાર છે.

[I] પ્લાસ્ટિક ઓવરશૂટ ડે રિપોર્ટ સ્વિસ બિન લાભકારી ઈએ અર્થ એક્શને જાહેર કર્યો. જેમાં 2021 બાદથી વૈશ્વિક પ્લાસ્ટિક અપશિષ્ટ ઉત્પાદનમાં 7.11% ની વૃદ્ધિ જોવા મળી.

[II] રિપોર્ટ અનુસાર ચાલુ વર્ષે 220 મિલિયન ટન પ્લાસ્ટિક પ્રદૂષણ કચરો ઉત્પન્ન થશે જેમાંથી 70 મિલિયન ટન અતિગંભીર અસરકર્તા હશે.

[III] રિપોર્ટમાં નિર્દેશિત 12 દેશોમાં ચીન, ભારત, રશિયા, બ્રાઝીલ, મેક્સિકો, વિયેતનામ, ઈરાન, ઈન્ડોનેશિયા, મિસ્ર, પાકિસ્તાન, USA અને તુર્કીનો સમાવેશ થાય છે.

[IV] રિપોર્ટ અનુસાર પ્રતિ વ્યક્તિ વાર્ષિક 8 kg પ્લાસ્ટિક પ્રદૂષણ થાય છે. ભારતમાં 2024માં આ પ્રકારનો કચરો 7.4 મિલિયન ટનથી વધુ હોવાની શક્યતા છે.

[*] બજર્ની બેનેડિક્ટસન - આઈસલેન્ડના પ્રધાનમંત્રી બન્યા.

[I] કૈટરીન જૈકબ્સડોટિરના રાજીનામા બાદ આ નિયુક્તિ કરવામાં આવી છે.

[II] બજર્ની અગાઉ વિદેશમંત્રી તરીકે કાર્યરત હતા. અને 6 વર્ષથી વધુના સમય માટે પદ પર રહ્યા બાદ કેટરીને રાજીનામું આપતા તેઓ પ્રધાનમંત્રી બન્યા.



[III] આઈસલેન્ડની સંસદીય ચૂંટણી આવતા વર્ષે થશે. દેશમાં સરકારનું નેતૃત્વ પ્રધાનમંત્રી કરે છે. અને તેમની નિયુક્તિ ઔપચારિક રીતે રાષ્ટ્રપતિ કરે છે.

## [*] રશિયાએ પ્રથમ અંગારા A-5 અંતરિક્ષ રોકેટ લોન્ચ કર્યું.

[I] રશિયાએ સુદૂર પૂર્વમાં વોસ્તોચન કોસ્મોડ્રોમ થી તેનું અંગારા A-5 અંતરિક્ષ રોકેટ સફળતાપૂર્વક લોન્ચ કર્યું. અને આ પ્રક્ષેપણ અગાઉ બે તકનીકી અસફળતાઓ બાદ સફળતાપૂર્વક થયું છે.

[II] અંગારા A5 અંતરિક્ષ રોકેટ ભારે પેલોડને પૃથ્વીની નિચલી કક્ષામાં લઈ જવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. જે ૨૦ ટનથી અધિકનો પેલોડ લઈ જવા સક્ષમ છે.

[III] હાલના વર્ષોમાં રશિયાએ અંતરિક્ષ કાર્યક્રમમાં ઘણી જ હાઈ-પ્રોફાઈલ અસફળતાઓનો સામનો કરવો પડ્યો છે. રોકેટ અંગારા પરિવારને સોવિયત-ડિઝાઈન થયેલ પ્રોટોન રોકેટમાં બદલવા માટે વિકસિત કરાયું છે.




Current Affairs C.H.Shingala GPSC

## [*] વૈશ્વિક સ્વાસ્થ્યમાં પ્રતિષ્ઠિત જોન ડર્ક પુરસ્કાર

[I] બિલ એન્ડ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશનમાં વૈશ્વિક સ્વાસ્થ્ય નિર્દેશક ડૉ. ગગનદીપ કાંગને આ પુરસ્કાર અપાયો છે. અને આ પુરસ્કાર મેળવનાર તેઓ પ્રથમ ભારતીય મહિલા છે.

[II] ડૉ. કાંગનું મુખ્ય કાર્યક્ષેત્ર બાળપણમાં ડાયેરિયા અને રસીકરણ બાબતનું છે. તેઓ રોયલ સોસાયટીની ફેલો ચૂંટાનાર પ્રથમ ભારતીય મહિલા પણ છે.



[III] આ પુરસ્કાર કેનેડામાં ગૈર્ડનર ફાઉન્ડેશન દ્વારા અપાય છે જેની સ્થાપના 1958માં જેમ્સ એ ગૈર્ડનરે બાયોમેડિકલ વિજ્ઞાનમાં વિશ્વ સ્તરે મહત્વપૂર્ણ સંશોધન અને કામગીરી માટે કરી હતી.

[*] કસ્તૂરી કૉટનને વૈશ્વિક બ્રાન્ડ બનાવવા કેન્દ્ર 6 રાજ્યોમાં સમર્પિત પરીક્ષણ પ્રયોગશાળા સ્થાપિત કરશે.

[I] કેન્દ્ર સરકારે મહારાષ્ટ્ર, તમિલનાડુ, હરિયાણા, પંજાબ, ગુજરાત અને કર્ણાટકમાં ઉચ્ચ શ્રેણીના કપાસના પરીક્ષણ માટે સમર્પિત પ્રયોગશાળા સ્થાપિત કરવાની યોજના બનાવી. જેનાથી ભારતીય કસ્તૂરી કપાસને વૈશ્વિક બ્રાંડના રૂપમાં સ્થાપિત કરવાનો પ્રયાસ કરી શકાશે.



[II] આ પ્રયોગશાળા સ્થાપિત કરવાનો ઉદ્દેશ્ય એ છે કે ભારત સુપિમા અને ગીઝા જેવા વૈશ્વિક કપાસ બ્રાંડો સાથે પ્રતિસ્પર્ધા કરી શકે અને અસાધારણ તાકાત અને સ્થાયિત્વ મેળવી શકે.


[III] ભારત કપાસના ઉત્પાદક તરીકે પ્રમુખતા ધરાવતો હોવાથી આ ક્ષેત્રે વિશેષ લાભ મેળવી શકે છે.

[IV] ભારતીય ઉત્પાદન, કસ્તૂરી કૉટન ઈન્ડિયા, ખૂબ જ ઉચ્ચ માનકો સાથે તૈયાર થાય છે. જેમાં પ્રીમિયમ ગુણવત્તા અને 100% ટ્રેસેબિલિટી સુનિશ્ચિત કરવા માટે અપરિશોધિત સામગ્રી પર 2% સુધીની જ સીમા હોય છે.

Current Affairs By C.H.Shingala
GPSC

[*] વિશ્વ કલા દિવસ - 15 એપ્રિલ

[I] 2019માં UNESCOના સામાન્ય સંમેલનમાં 40માં સત્રમાં 15 એપ્રિલને વિશ્વ કલા દિવસ તરીકે જાહેર કર્યો. જોકે 2012માં પ્રથમવાર આ દિવસ મનાવાયો હતો.




[II] આ દિવસ ઈટાલિયન ચિત્રકાર, મૂર્તિકાર અને વાસ્તુકાર લિયોનાર્ડો દ વિન્ચીની જયંતીએ મનાવાય છે.

[III] કલાની સાત અધિકારીક શ્રેણી વાસ્તુ, ચિત્ર, મૂર્તિ, સંગીત, સાહિત્ય, સિનેમા, અને નૃત્યને પ્રોત્સાહિત કરવાનો મૂળ ઉદ્દેશ્ય આ દિવસની ઉજવણીમાં રહેલો છે.

## ✱ 17 એપ્રિલ, 2024 ✱

✱ બ્રિટિશ-અમેરિકી લેખક સલમાન રશ્દીએ પોતાના સંસ્મરણો 'નાઈફ' જાહેર કર્યા.

I બુકર પુરસ્કાર વિજેતા લેખક સલમાન રશ્દીએ આ સ્મરણોમાં પોતાના હુમલાખોર સાથે કાલ્પનિક વાતચીત કરી.

II 2022માં ન્યૂયોર્કમાં એક મંચ પર એક શખ્સે તેમના પર ચાકુથી હુમલો કર્યો હતો અને તેમના લીવર, હાથ અને જમણી આંખની નસને ક્ષતિ પહોંચી હતી તે સમગ્ર બાબત અહીં વર્ણવી છે.



III 1988માં વિવાદાસ્પદ 'ધ સેટેનિક વર્સેજ' ના પ્રકાશન બાદ રશ્દીએ અનેક વર્ષો છુપાઈને વિતાવ્યા હતા. અને તેમના બીજા ઉપન્યાસ, મિડનાઈટ્સ ચિલ્ડ્રન (1981) માટે તેમને બુકર પુરસ્કાર મળ્યો.

GPSC Current Affairs By C.H.Shingala

✱ ગોલ્ડ વોલેંટિયર સર્વિસ પુરસ્કાર.

I અમેરિકી રાષ્ટ્રપતિનો ગોલ્ડ વોલેંટિયર સર્વિસ પુરસ્કાર ભારતના જૈન આધ્યાત્મિક નેતા લોકેશ મુનિને અપાયો. જેમણે જન કલ્યાણ અને માનવતા ક્ષેત્રે યોગદાન આપ્યું છે.

II વરિષ્ઠ ડેમોક્રેટિક કોંગ્રેસી બ્રેડ શર્મને US કેપિટલમાં લોકેશ મુનિને આ પુરસ્કાર આપ્યો, જેઓ ભારતમાં અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક છે.



III 2003માં અમેરિકાની તાકાત અને રાષ્ટ્રીય ઓળખમાં સ્વયંસેવકોની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને ઓળખવા રા.પતિની કાઉન્સિલ ઓન સર્વિસ એન્ડ સિવિક એંગેજમેન્ટે આ પુરસ્કારની શરૂઆત કરી.

## (*) ગ્લોબલ ફોરેસ્ટ વોચ મોનિટરીંગ રિપોર્ટ

[I] ગ્લોબલ ફોરેસ્ટ વોચ મોનિટરીંગ રિપોર્ટના આંકડાઓ અનુસાર વર્ષ 2000 બાદ 2.33 મિલિયન હેક્ટર વૃક્ષોનું આવરણ ભારતમાં ઓછું થયું. જે 6% ના ઘટાડા બરાબર છે.

[II] આંકડાઓ અનુસાર, 2013 થી 2023 વચ્ચે ભારતમાં વૃક્ષોનું આવરણ 95% નુકશાન પ્રાકૃતિક વનોમાં જેવા મળ્યું. 2002 થી 2023 વચ્ચે ભારતે 4,14,000 હેક્ટર આર્દ્ર પ્રાથમિક વન (4.1%) વિસ્તાર ગુમાવ્યો.

[III] ભારતમાં વૃક્ષ આવરણના નુકશાનને કારણે પ્રતિવર્ષ આશરે 51.0 મિલિયન ટન કા.ડાયો. બરાબર માત્રા વાયુમંડળમાં પ્રવેશી.

[IV] વૃક્ષ આવરણનું નુકશાન હંમેશા જંગલોની કાપણી નથી હોતી પરંતુ માનવીય પરિબળ, પ્રાકૃતિક પરિબળ અને સ્થાયી કે અસ્થાયી નુકશાન બંને શામેલ હોય છે.

Current Affairs By C.J. Shingala

## (*) ગ્રીન ક્રેડિટ યોજનામાં મધ્યપ્રદેશ મોખરે.

[I] કેન્દ્રના ગ્રીન ક્રેડિટ પ્રોગ્રામ (GCP) ને લાગૂ કરવા MPએ બે મહિનામાં વૃક્ષારોપણ માટે 4980 હેક્ટરમાં 500થી વધુ ભૂમિ પાર્સલન મંજૂરી આપી.

[II] MPએ વૃક્ષારોપણ અભ્યાસ માટે સૌથી વધુ 954 હેક્ટરની ભૂમિ સ્વીકૃત કરી છે. ત્યારબાદ તેલંગાણા (845), છત્તીસગઢ (713), ગુજરાત (595), આસામ(454)નો સમાવેશ થાય છે.

[III] MP સરકારે 14 સાર્વજનિક ક્ષેત્રના ઉપક્રમો અને અન્ય સંસ્થાઓને નિર્ભીકૃત વનભૂમિ પર વૃક્ષો વાવવા અને અંતતઃ હરિત ક્રેડિટ અર્જિત કરવા નામાંકિત કર્યા છે.

## (*) રાષ્ટ્રીય કેરમ એસોસિએશન ચેમ્પિયનશિપ - ડામી.

[I] કેરમ એસોસિએશનની ડામી રાષ્ટ્રીય ચેમ્પિયનશિપની મેજબાની મધ્યપ્રદેશે કરી હતી. જેને પેટ્રોલિયમ સ્પોર્ટ્સ પ્રમોશન બોર્ડ અને સિન્કો કેરમ ફર્મ દ્વારા સ્પોન્સર કરવામાં આવી હતી.

[II] આ ચેમ્પિયનશિપમાં 12 સંસ્થા, 27 રાજ્યો, 174 મહિલાઓ અને 237 પુરુષોએ ભાગ લીધો.

[III] વિજેતાઓની યાદી.

① રશ્મિ કુમારી (જીત) Vs નાગાજ્યોતિ (હાર)

(મહિલા વિભાગ) ↳ તેઓ ત્રણ વારના વિશ્વ ચેમ્પિયન છે. અને આ તેમણે 12મા રાષ્ટ્રીય મહિલા એકલ ખિતાબ મેળવ્યા.

② શ્રીવાસ્તવ (જીત) Vs એસ આદિત્ય (હાર)

(પુરુષ વિભાગ) ↳ તેમની આ ચોથી રાષ્ટ્રીય પુરુષ એકલ ચેમ્પિયનશિપ હતી

Current Affairs By C.H.Shingala GPSC

## (*) ખગોળવિદોએ મિલ્કી વે આકાશગંગામાં સૌથી મોટા સ્ટેલર બ્લેક હોલની ભાળ મેળવી.

[I] સ્ટેલર બ્લેક હોલનું દ્રવ્યમાન સૂર્યથી 33 ગણું વધુ છે. અને તે ~~બી~~ પૃથ્વીથી બીજા નંબરનો સૌથી નજીકનો બ્લેકહોલ (2000 પ્રકાશવર્ષ) છે

[II] આ શોધ યુરોપીય અંતરિક્ષ એજન્સીના ગૈયા મિશનના ડેટા વિશ્લેષણના આધારે થઈ. અને આ બ્લેકહોલને 'ગૈયા BH3" નામ અપાયું.

[III] જ્યારે સૂર્યના દ્રવ્યમાનથી 8 ગણુ વધુ દ્રવ્યમાન ધરાવતો તારો જ્યારે પોતાની ઊર્જા ગુમાવે ત્યારે સુપરનોવા તરીકે વિસ્તૃત થઈ બ્લેકહોલ રચે.

## [*] 18 એપ્રિલ- 2024 [*]

---

**[*] ભારતીય જીવન વિમા નિગમ (LIC) એ હિન્દુસ્તાન યુનિલીવરમાં પોતાની ઈક્વિટી હિસ્સેદારી વધારી.**

---

[I] હિન્દુસ્તાન યુનિલિવરમાં LIC ની ભાગીદારી 5% થી વધુની છે. LIC એ HULમાં પોતાની ભાગીદારી કંપનીની ચૂકતા રકમના 4.99% થી વધારી 5.01% કરી.

[II] હિન્દુસ્તાન યુનિલિવર બ્રિટિશ કંપની યુનિલિવરની સહાયક કંપની છે. જેની સ્થાપના 1931માં હિન્દુસ્તાન વનસ્પતિ મેન્યુફેક્ચરિંગ કંપની તરીકે થઈ હતી.

[III] HUL નું વડુમથક- મુંબઈ છે.

[IV] LIC ની સ્થાપના 1956 માં થઈ અને તેનું વડું મથક મુંબઈ છે. તથા તેનું સ્લોગન - 'યોગક્ષેમં વહામ્યહમ્' છે.

Current Affairs By C.H.Shingala

---


**[*] ઈસરોએ રોકેટ એન્જિનો માટે કાર્બન-કાર્બન (C-C) નોઝલ વિકસિત કરી.**

---

[I] આ નોઝલ એન્જિનની તાકાત, વિશિષ્ટ વેગ જેવી બાબતોમાં સુધારો લાવવા મહત્વપૂર્ણ થશે અને તેનાથી પ્રક્ષેપણ વાહનોની પેલોડ ક્ષમતા વધશે.

[II] C-C નોઝલની અનોખી સિલિકોન કાર્બાઈડ એંટી ઓક્સિડેશન કોટિંગ તેની પ્રાથમિક વિશેષતાઓમાંની એક છે. જેનાથી ઓક્સિડેશન પ્રક્રિયામાં તેની ક્ષમતા વધશે.

PS4 Engine CC Nozzle Divergent Development hot test



[III] આ સંશોધન ઉચ્ચ તાપમાન દ્વારા સર્જાયેલ તનાવને ઘટાડશે તથા ઉચ્ચ તાપમાનમાં ઓપરેટિંગ ક્ષમતા વધારશે.

[IV] આ સંશોધનથી PSLV ની પેલોડ ક્ષમતા 15kg સુધી વધવાની આશા છે.

(*) સ્ક્વાડ્રન લીડર ડીએસ મજીઠિયાનું 103 વર્ષે નિધન.

[I] ડીએસ મજીઠિયા સૌથી વયોવૃદ્ધ સેવાનિવૃત્ત ભારતીય વાયુસેનાના લડાયક પાયલટ હતા. જેમણે જિપ્સી મોથ, વેપિટી, હાર્ટ, ઓડેક્સ અને એટલાંટા જેવા વિમાનો ઉડાવ્યા હતા.



[II] તેઓ 1940માં વાયુસેનાની સ્વયંસેવી સેવામાં સામેલ થયા હતા. અને લાહોરની વાલ્ટનમાં ઈનિશિયલ ટ્રેનિંગ સ્કૂલમાં સર્વશ્રેષ્ઠ પાયલટ ટ્રોફી જીતી હતી.

[III] તેઓ ઓગસ્ટ 1947માં સેવાનિવૃત્ત થયા. અને 'માજી'ના ઉપનામથી જાણીતા બન્યા હતા.

Current Affairs By C.H.Shingala

(*) આંતરરાષ્ટ્રીય સાહિત્ય પુરસ્કાર - મમતા જી સાગરને.

[I] વિશ્વ લેખક સંગઠન (WOW), એ કન્નડ કવિ, નાટ્યકાર અને શિક્ષણવિદ્ મમતા જી સાગરને તેમના સાહિત્યક્ષેત્રના યોગદાન માટે આ પુરસ્કાર આપ્યા.



[II] નાઈજીરિયાના અબુજા ખાતે આયોજિત વિશ્વ લેખક સંગઠનની પ્રથમ કોંગ્રેસના ભાગરૂપે આ એવોર્ડ અપાયો.

[III] આ કાર્યક્રમ એસો. ઓફ નાઈજીરિયાઈ ઓથર્સ અને પેન અફ્રીકન રાઈટર્સ એસોસિએશનના સહયોગથી આયોજિત કરાયો હતો.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

## [*] નલિન નેગી ભારત પેના પૂર્ણકાલીન CEO નિયુક્ત.

[I] ફિનટેક ફર્મ ભારતપેએ તેમના અંતરિમ CEO અને મુખ્ય આર્થિક અધિકારી નલિન નેગીને પૂર્ણકાર્યકારી CEO નિયુક્ત કર્યા.

[II] જાન્યુ. 2023માં તત્કાલીન CEO સુહૈલ સમીરના રાજીનામા બાદ મિ. નેગી CEO બન્યા હતા.




[III] નેગી 2022માં ભારત પેમાં સામેલ થયા અને તેમને ફિનટેક અને બેંકિંગ ડોમેન વ્યવસાયમાં બહોળો અનુભવ છે. તેમના નેતૃત્વમાં 2023માં ભારત પે એ 182% ની વૃદ્ધિ દર્શાવી

[IV] ભારત પેની સ્થાપના 2018માં અશ્નીર ગ્રોવર અને શાશ્વત નાકરાણીએ કરી હતી

Current Affairs By C.H.Shingala

## One Liner News

[I] દિલ્લી એરપોર્ટ 2023નો દુનિયાના 10 સૌથી વ્યસ્ત એરપોર્ટમાં 10માં સ્થાને. તેનું નામ ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ છે.

[II] બાયર લેવરકુસેને પ્રથમવાર બુંડેસલીગા ખિતાબ (ફૂટબોલ) જીત્યો.

[III] IMF એ 5 વર્ષ માટે ક્રિસ્ટાલિના જોર્જીવાને વહીવટી સંચાલક (પ્રબંધ નિર્દેશક) નિયુક્ત કર્યા.

[IV] ભારત અને મોરિશિયસે કર સંધિ સંશોધનના એક પ્રોટોકોલ પર હસ્તાક્ષર કર્યા.

[V] કુવૈતના અમીરે શેખ અહમદ અબ્દુલ્લા અલ-અહમદ અલ-સબાને કુવૈતના પ્રધાનમંત્રી નિયુક્ત કર્યા.

# [*] 19 એપ્રિલ-2024 [*]

## [*] ગોપી થોટાકુરા પ્રથમ ભારતીય અંતરિક્ષ પર્યટક બન્યા.

[I] ઉદ્યમી અને પાયલટ ગોપી થોટાકુરા એક પર્યટક તરીકે અંતરિક્ષમાં જનાર પ્રથમ ભારતીય બનશે. અને તેઓ જેફ બેઝોસ દ્વારા સ્થાપિત કંપની બ્લૂ ઓરિજિનના NS-25 મિશનનો હિસ્સો બનશે.



[II] મિશન માટે 6 ક્રૂ મેમ્બરની પસંદ કરવામાં આવ્યા. ગોપી અંતરિક્ષમાં જનાર બીજા ભારતીય બનશે. રાકેશ શર્મા 1984માં અંતરિક્ષમાં જનાર પ્રથમ ભારતીય હતા.

[III] ગોપી અમેરિકા સ્થિત એમ્બ્રી-રિડલ એરોનોટિકલ યુનિ.ના સ્નાતક છે.

[IV] રિપોર્ટ અનુસાર 2023માં અંતરિક્ષ પર્યટનનું મૂલ્ય 848.28 મિલિયન ડોલર હતું. 2032 સુધીમાં તે વધીને 27,861.99 મિલિયન ડોલર થવાની સંભાવના છે.

## [*] ઉઝબેક સશસ્ત્ર દળ અકાદમી ખાતે IT લેબની શરૂઆત.

[I] ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલા તરીકે, સેના પ્રમુખ જનરલ મનોજ પાંડેએ અત્યાધુનિક IT લેબનું ઉદ્ઘાટન કર્યું.

[II] આ લેબમાં બે વ્યાખ્યાન કક્ષ અને એક અત્યાધુનિક સાયબર સુરક્ષા લેબ સામેલ છે. જેમાં હાર્ડવેર પ્રોગ્રામિંગ લેબ, એક ઓબ્જેક્ટ-ઓરિએન્ટેડ પ્રોગ્રામિંગ લેબ, એક વેબ પ્રોગ્રામિંગ લેબ, એક સર્વર રૂમ, એક મલ્ટીમીડિયા રૂમ અને એક વર્ચ્યુઅલ રિયાલિટી રૂમ સામેલ છે.

Current Affairs C.H Shingala GPSC

## * લતા દીનાનાથ મંગેશકર પુરસ્કાર - અમિતાભ બચ્ચનને.

I. પ્રતિષ્ઠિત ત્રીજો લતા દીનાનાથ મંગેશકર પુરસ્કાર બોલીવુડના દિગ્ગજ અભિનેતા અમિતાભ બચ્ચનને રાષ્ટ્ર, લોકો અને સમાજ પ્રત્યે તેમના ઉલ્લેખનીય સમર્પણ માટે અપાયો.

II. અગાઉ આ પુરસ્કાર PM નરેન્દ્ર મોદી અને લોકપ્રિય ગાયિકા આશા ભોસલેને અપાયો હતો.

III. 6 ફેબ્રુ, 2022એ દીનાનાથ મંગેશકર સ્મૃતિ પ્રતિષ્ઠાને દિવંગત ભારત રત્ન વિજેતા અને મહાન ગાયિકા લતાજીની સ્મૃતિમાં આ પુરસ્કારની શરૂઆત કરી.

IV. માસ્ટર દિનાનાથ મંગેશકર પુરસ્કારના અન્ય પ્રાપ્તકર્તા.

1. એ આર રહેમાન (સંગીત)
2. અશોક સરાફ (સંગીત)
3. પદમિની કોલ્હાપુરે (ફિલ્મ)
4. રૂપકુમાર રાઠોડ (ભારતીય સંગીત)
5. અતુલ પરચુરે (મરાઠી રંગમંચ)
6. મંજિરી ફડકે (સાહિત્ય)
7. રણદીપ હુડા (વિશેષ) (સિનેમામાં યોગદાન)

## * વિશ્વ વિરાસત દિવસ - 18 એપ્રિલ

I. સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતની સુરક્ષા અને સંરક્ષણ બાબતે જાગૃતતા લાવવા માટે આ દિવસ મનાવાય છે. જે વિરાસતના સંરક્ષણમાં શામેલ સંગઠનોના પ્રયાસોને ચિહ્નિત કરવાનો પણ ઉદ્દેશ્ય ધરાવે છે.

II. આ દિવસનો પ્રસ્તાવ 1982માં ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ માઉન્ટેન્સ એન્ડ સાઈટ્સે મૂક્યો અને UNESCOના 1983ના 22માં સત્રમાં તેને અપનાવાયો.




III. 18 એપ્રિલ, 2024 સુધીમાં દુનિયામાં કુલ 1199 UNESCO WHS અને ભારતમાં 42 WHS છે.

**2024ની થીમ** - વિવિધતાની શોધ કરો અને અનુભવ કરો.

[*] સંયુક્ત આરબ અમીરાતમાં રેકોર્ડબ્રેક વરસાદ

[I] 1949 બાદનો એકત્ર થયેલ સૌથી વધુ આંકડાઓ સાથે આ વરસાદ પડ્યો.

[II] અલ ઐનના અલ શકલા ક્ષેત્રમાં અત્યાર સુધીની સૌથી વધુ વર્ષા છે. જેમાં એક દિવસથી પણ ઓછા સમયમાં લગભગ 10 ઈંચ વરસાદ પડ્યો.

[III] સમગ્ર ઘટના વાતાવરણની અસાધારણ પ્રકૃતિના કારણે જન્મી છે. પરંતુ આ વરસાદથી UAEની ભૂજલ સંપતિમાં વધારો થયો છે.

---

[*] કેરળમાં અંડરવોટર વિશેષતા અને મૂલ્યાંકન માટે એક અત્યાધુનિક સબમર્સિબલ પ્લેટફોર્મ (સ્પેસ) નું ઉદ્ઘાટન કર્યું...

[I] સ્પેસ ભારતીય નૌસેના માટે સોનાર સિસ્ટમ માટે એક મુખ્ય પરીક્ષણ અને મૂલ્યાંકન કેન્દ્ર છે. જે DRDO એ સ્થાપિત કર્યું.

[II] તેનું ઉદ્ઘાટન કેરળના ઈડુક્કીમાં અંડરવોટર ધ્વનિક અનુસંધાન સુવિધા, કુલમાવું માં કરવામાં આવ્યું છે.

[III] સ્પેસથી સબમરીન, હેલિકોપ્ટર સહિત વિભિન્ન પ્લેટફોર્મ પર લગાવાયેલ સોનાર સિસ્ટમ માટે એક મુખ્ય પરીક્ષણ અને મૂલ્યાંકન કેન્દ્ર તરીકે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

[IV] સ્પેસમાં બે અલગ-અલગ સંયોજન સામેલ છે. એક પ્લેટફોર્મ જે પાણીની સપાટી પર તરે છે અને એક સબમર્સિબલ પ્લેટફોર્મ જે વિંચ સિસ્ટમનો ઉપયોગ કરી. 100 મીટર સુધીની ઊંડાઈ સુધી ઉતરી શકે છે.

Current Affairs By C.H. Shingala

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

## [*] ૨૦ એપ્રિલ, ૨૦૨૪ [*]

### [*] યંગ ગ્લોબલ લીડર- ૨૦૨૪ - અદ્વૈત નાયર.

[I] નાયકાના સહસંસ્થાપક અને CEO અદ્વૈત નાયરને યંગ ગ્લોબલ લીડર્સ કમ્યુનિટીમાં સામેલ કરાયા.

[II] નાયર એક પરિવર્તન નિર્માતા અને ઉદ્યમી તરીકે તેમના કામ માટે દુનિયા ભરના 90 વ્યક્તિઓના સમૂહમાં સામેલ થયા. અને દુનિયાના સૌથી શક્તિશાળી રાજનૈતિક અને વ્યાપારિક નેતાઓમાં સ્થાન પામ્યા.



[III] તેમણે નાયકામાં આવક વધારવાના અને સંચાલનની જટિલતાથી લડવા માટેના પગલાઓ લેવામાં સાતત્યનું નેતૃત્વ કર્યું. જેના લીધે આ યાદીમાં સ્થાન પામ્યા.

### [*] વિશ્વ હિમોફિલિયા દિવસ - 17 એપ્રિલ

[I] વર્લ્ડ ફેડરેશન ઓફ હિમોફિલિયા દ્વારા 1989 થી આ દિવસ મનાવાય છે. જે WHF ના સંસ્થાપક ફ્રેંક શ્નાબેલની જયંતિનું પ્રતીક છે.

[II] આ દિવસનો ઉદ્દેશ્ય રોગના વિકારો બાબતે જાગૃતતા વધારવાનો છે.

[III] 2024 ની થીમ :- તમામ માટે એક સમાન પહોંચ: તમામ રક્તસ્રાવ વિકારોને ઓળખવા.

• હિમોફિલિયા •

→ આનુવંશિક રક્તસ્રાવ વિકાર છે જેમાં રક્તનું વહન સરળતાથી જામતું નથી.

→ હીમોફીલિયાનું જીન X ગુણસૂત્ર પર હોય છે.

→ બે પ્રકાર – હીમોફીલિયા A (ક્લોટિંગ ફેક્ટર VIII ની ઉણપથી)
હીમોફીલિયા B (ક્લોટિંગ ફેક્ટર IX ની ઉણપથી)
↑ એક પ્રકારનું પ્રોટીન જે હીમોફિલિયાને રોકે.

Current Affairs By G.H.Shingala

(*) નાઈજિરિયાએ મેનિનજાઈટિસ વિરુદ્ધ દુનિયાની પ્રથમ રસી તૈયાર કરી.

I) નાઈજીરિયાએ બનાવેલ Men5CV રસીને WHO એ સમર્થન આપ્યું છે. આ રસી મેનિંગોકોકસ બેક્ટેરિયાના 5 અલગ અલગ વિકારો (A, C, W, Y, X) સામે રક્ષણ આપે છે.

II) મેનિનજાઈટિસ, મેનિંગોકોકસ બેક્ટેરિયાથી થતો રોગ છે, જે આફ્રિકામાં વધુ જોવા મળે છે. આ રોગ મસ્તિષ્ક પર વધુ પ્રભાવ પાડે છે અને સાંભળવાની તથા શીખવાની ક્ષમતાને સારી રીતે અસક્ષમ બનાવે છે.

III) લક્ષણ – તાવ, માથાનો દુઃખાવો, જકડન, પ્રકાશ પ્રત્યે સંવેદનશીલતા.

IV) WHO ના રિપોર્ટ અનુસાર પાછલા વર્ષોમાં આફ્રિકામાં આ રોગના કુલ કેસના 50% કેસમાં વૃદ્ધિ જોવા મળી.

(*) વૈજ્ઞાનિકોની 50 અજ્ઞાત પ્રજાતિઓની સમુદ્રમાં શોધ.

I) દક્ષિણ પૂર્વ પ્રશાંત મહાસાગરમાં સાલાસ વાઈ ગોમેજ પાણી નીચે પર્વત શૃંખલાની શોધ બાદ 160 સમુદ્રી પ્રજાતિઓ મળી જેમાંથી 50 તદ્દન અજ્ઞાત છે.

II) વૈજ્ઞાનિકોએ સ્ક્વિડ, માછલી, મૂંગા, મોલસ્ક, કરચલા, લોબસ્ટર વગેરેની શોધ કરી.

III) આ શોધ સાલાસ વાઈ ગોમેજ રિજથી રાપા નુઈ સુધી 40 દિવસના અભિયાનમાં થઈ.

Current Affairs By C.H.Shingala

કરન્ટ અફેર્સ

Crack GPSC

Daily કરન્ટ અફેર્સ PDF આપને ટેલિગ્રામ ચેનલમાં મળશે.

/CrackGPSCapp

[*] વાઈસ એડમિરલ દિનેશકુમાર ત્રિપાઠી ભારતીય સેનાના નવા પ્રમુખ બનશે.

[I] તેઓ હાલના એડમિરલ આર હરિકુમારનું સ્થાન લેશે. જેઓ 30 એપ્રિલે સેવાનિવૃત્ત થશે.

[II] વા. એ. ત્રિપાઠી વર્તમાનમાં નૌસેના સ્ટાફના ઉપપ્રમુખ તરીકે કાર્યરત છે. અને તેઓ સંચાર અને ઈલેક્ટ્રોનિક્સ યુદ્ધ વિશેષજ્ઞ છે.



[III] તેમણે પશ્ચિમી નૌસેના કમાનના ફ્લેગ ઓફિસર કમાંડિંગ-ઈન-ચીફ તરીકે કાર્ય કર્યું છે. અને INS વિનાશનું સંચાલન કર્યું છે.

[IV] તેઓ અતિ વિશિષ્ટ સેવા પદક અને નૌસેના પદક પ્રાપ્તકર્તા છે.

Current Affairs By C.H. Chingala

## One Liner News

[I] નિમ્ન અને મધ્યમ આવક વાળા દેશોમાં વેચવામાં આવતા નેસ્લેના ખાદ્ય વસ્તુઓમાં ખાંડ અને મધ મિશ્રિત હોવાના દાવા સામે FSSAI તપાસ કરશે.

[II] UNના પૂર્વ અધિકારી ભીમેશ્વર ચલ્લા લિખિત 'ઈન્ડિયા- ધ રોડ ટૂ રેનેસાં: અ વિઝન એન્ડ એન એજેન્ડા' પુસ્તક લોન્ચ કરવામાં આવી.

[III] ઉત્કૃષ્ટ સામાજિક વૈજ્ઞાનિકોને અપાતો મેલ્કમ આદિશેષૈયા પુરસ્કાર-2023 પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી ઉત્સા પટનાયકને અપાયો.

[IV] એક અધ્યયન મુજબ ભારતના STEM (Science, Technology, Engineering and Mathematics) નોકરીઓમાં માત્ર 13.5% મહિલાઓ કાર્યરત.

## [*] 21 એપ્રિલ - 2024 [*]

### [*] હવાના માધ્યમથી સંચારિત થનાર રોગજનકોને 'સંક્રામક શ્વસન કણો' કહેવાશે: WHO.

[I] WHO એ રોગજનકો માટેની શબ્દાવલીને અપડેટ કરી. જેનો ઉદ્દેશ્ય હાલમાં રહેલા અને નવા વાયુજનિત રોગકારકોની ઓળખાણ કરવાનો અને તેની સારવારના ઉપાયો મેળવવાનો છે.

[II] વર્તમાનમાં આ રોગકારકોના વર્ણન માટે કોઈ સામાન્ય શબ્દાવલી નથી, જે વૈશ્વિક કોવિડ-19 મહામારી દરમિયાન સૌથી મોટી ચુનોતી હતી.

[III] નવી પરિભાષા અનુસાર, આકારની ચિંતા વગર કોઈ પણ સંક્રમિત વ્યક્તિના મુખ કે નાકથી નિકળતા તમામ કણોને 'સંક્રામક શ્વસન કણો' અથવા IRP કહેવાશે.


[IV] આ પરિભાષા અંતર્ગત સામેલ રોગ - covid-19, ઈન્ફ્લૂએન્ઝા, MERS (મધ્ય પૂર્વ શ્વસન સિંડ્રોમ), ગંભીર તીવ્ર શ્વસન સિંડ્રોમ (SARS), ક્ષય, ઓરી.

### [*] વિશ્વ લીવર દિવસ - 19 એપ્રિલ.

[I] લીવરના સ્વાસ્થ્ય બાબતે જાગૃતતા લાવવા અને સ્વસ્થ લીવરના મહત્વને દુનિયા ભરમાં દર્શાવવા આ દિવસ મનાવાય છે.

[II] 2024ની થીમ - 'તમારા લીવરને સ્વસ્થ અને રોગમુક્ત રાખો

[III] જાગૃતિના અભાવે લીવરના રોગથી થતાં મૃત્યુમાં દરવર્ષે વધારો થાય છે. વાર્ષિક અંદાજે 20 લાખ લોકો લીવરની બિમારીથી મૃત્યુ પામે છે.



[*] ભારતની પ્રથમ 'હાઈબ્રિડ પિચ' ધર્મશાળામાં બનાવાઈ.

[I] હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ અત્યાધુનિક 'હાઈબ્રિડ પિચ' સ્થાપિત કરનાર પ્રથમ BCCI માન્યતા પ્રાપ્ત સ્થળ બન્યું.

[II] આ પિચ પર ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય અને IPL મેચો રમાશે.

[III] નેધરલેન્ડ સ્થિત 'SISGrass' જે એસઆઈએસ પિચ સમૂહની કંપનીનો હિસ્સો છે તે આ પિચ બનાવશે. → (5%)

[IV] પિચની સપાટી પોલિમર ફાયબર યુક્ત બનાવાશે જેનાથી રમત દરમિયાન તનાવમાં ઘટાડો, પીચની આવરદામાં વધારો, વગેરે જેવાં લાભો મળશે.

[V] ઇંગ્લેન્ડના વિવિધ મેદાનો જેવાં કે લોર્ડ્સ, દ ઓવલ, એજબેસ્ટન, ઓલ્ડ ટ્રેફર્ડ અને ટ્રેંટ બ્રિજમાં આ પ્રકારની પિચ જોવા મળે છે.

---

[*] ટાઈમ 2024ની યાદીમાં 8 ભારતીયોને સ્થાન

[I] 2024ના 100 સૌથી પ્રભાવશાળી લોકોમાં 8 ભારતીયોને સ્થાન મળ્યું.

1. આલિયા ભટ્ટ
2. અજય બંગા
3. સાક્ષી મલિક
4. દેવ પટેલ
5. પ્રિયંવદા નટરાજન
6. જિગર શાહ.
7. સત્ય નડેલા
8. અસમા ખાન

[II] આ યાદીમાં વિત, મનોરંજન, તકનિકી, સક્રિયતા અને શિક્ષા સહિત વિવિધ ક્ષેત્રમાં નેતાઓને સ્થાન અપાયું. જેને મુખ્ય 4 શ્રેણીમાં વિભાજિત કરાયા- નેતા, નાયક, કલાકાર, વિચારક.

Current Affairs By C.H.Shingala GPSC

## [*] ૨૨ એપ્રિલ - ૨૦૨૪ [*]

### [*] અસુંતા લકડા પુરસ્કાર - દિપિકા સોરેંગને

[I] ભારતની પ્રથમ મહિલા હોકી ટીમના ખેલાડી દિપિકાને આ પુરસ્કાર અપાયો.

[II] તેમણે મહિલા જૂનિયર એશિયા કપમાં ભારત માટે પદાર્પણ કર્યું હતું. અને 6 મેચોમાં 7 ગોલ કરી ભારતીય ટીમને સ્વર્ણ પદક અપાવ્યો હતો.

[III] તેઓ ઓમાન ટૂર્નામેન્ટમાં યુવા ખેલાડી પણ નામિત થયા હતા.

### [*] તેલંગાણામાં ત્રણ નવા પુરાતત્વિક સ્થળો શોધાયા.

[I] તેલંગાણાના મુલુગુ જિલ્લાના એસએસ તાડવઈ મંડલમાં બંડાલા ગામ પાસે આશગુટ્ટામાં એક લોહયુગના મહાપાષાણ સ્થળની શોધ થઈ. આ શોધ કે પી રાવ અને ચૌધરી પ્રવીણ રાજૂની ટીમે કરી છે.

[II] સચોટ માહિતી ન મળી શકે પરંતુ અંદાજે 200 સ્મારકો આસપાસ સ્મારકો હોવાની સંભાવના છે.

[III] સંશોધકોએ ભદ્રાદ્રિ કોઠાગુડેમ જિલ્લાના ગુંડાલા મંડલના દમરાટોગુમાં બે નવા રોક કલા સ્થળોની પણ શોધ કરી.

[IV] પ્રથમ સાઈટમાંથી પ્રાણીઓના ચિત્રો મળી આવ્યા, જે ઈ.સ. પૂર્વે 6000 - 3000 આસપાસના મનાય છે. અને આ સાઈટને 'હેવરલબંદ ગુલા' નામ અપાયું છે.

Current Affairs By C.H.Shingala
Crack GPSC

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

## [*] વિશ્વની પ્રથમ 'મિસ AI' પ્રતિયોગિતા

[I] કૃત્રિમ બુદ્ધિમત્તાના માધ્યમથી તૈયાર થયેલ મોડલ અને પ્રભાવશાળી 'મિસ AI' સૌંદર્ય સ્પર્ધામાં ૨૦,૦૦૦ ડોલરનું પુરસ્કાર અપાશે.

[II] સ્પર્ધાનું મૂલ્યાંકન તેના દેખાવ, ઓનલાઈન ફેન અને તેને બનાવવામાં વપરાયેલ ટેક્નોલોજીના આધારે થશે.

[III] પ્રતિયોગિતામાં WAICA ના ભાગીદાર તરીકે ફેનવ્યૂ હશે, જેમાં વર્ચ્યુઅલી મોડલ હોસ્ટ કરાશે.

[IV] ચાર સદસ્યીય પેનલમાં બે જજ AI આધારિત છે. સ્પેનની એટેના લોપેજ (3 લાખ ફોલોવર્સ), એમિલી પેલિગ્રીની (૨.૫ લાખ ફોલોવર્સ). અન્ય બેમાં સામાન્ય વ્યક્તિઓ એન્ડ્રયૂ બલોચ અને સેલી- એન ફોસેટ.

## [*] સ્વીડન આર્ટેમિસ સમજૂતીમાં શામેલ થનાર ૩૮મો દેશ બન્યો.

Current Affairs By C.H Shingala

[I] સ્વીડને અંતરિક્ષના સતત ઉપયોગ માટેના પોતાના સમર્થનની પુષ્ટિ કરી જેના કારણે તે આ સમજૂતીમાં સામેલ થયું.

[II] નાસા અને અમેરિકી વિદેશવિભાગે ૨૦૨૦માં આર્ટેમિસ સમજૂતીની જાહેરાત કરી જેમાં ભારત, જાપાન સહિતના દેશોએ હસ્તાક્ષર કર્યા.

[III] આ સમજૂતી અંતરિક્ષ અન્વેષણ અને શાંતિપૂર્ણ ઉદ્દેશ્યો માટે ચંદ્રમા, મંગલ અને ધૂમકેતુ તથા લઘુગ્રહોના ઉપયોગમાં સહયોગ માટેનો સમૂહ છે. જેનો ઉદ્દેશ્ય/લક્ષ્ય મંગળ અને અન્ય ગ્રહો પર અંતરિક્ષ યાત્રીઓને ઉતારવાનો છે.




[IV] 22 જૂન, 2023એ PM મોદીએ આ સમજૂતી પર ભારત તરફથી હસ્તાક્ષર કર્યા હતા.

[*] વેદાંતા કંપની હિન્દુસ્તાન ઝિંક વિશ્વ સ્તરે ત્રીજી સૌથી મોટી ચાંદી ઉત્પાદક બની.

[I] એક સર્વેક્ષણ અનુસાર, રાજસ્થાનમાં સિંદેસર ખુર્દ દુનિયાની ત્રીજી ચાંદી ઉત્પાદક કંપની બની અને હિન્દુસ્તાન ઝિંક ત્રીજા સ્થાને રહી.

[II] આ સફળતાથી વૈશ્વિક ~~ઝિંક~~/ચાંદી બજારમાં ભારતની એક મજબૂત સ્થિતિ બનશે.

[III] હિન્દુસ્તાન ઝિંક ઝિંક, સીસુ અને ચાંદીના કારોબાર સાથે જોડાયેલ વેદાંતા ગ્રુપની કંપની છે.

[*] બ્રાઝીલમાં વાઘ બિલાડીની એક નવી પ્રજાતિ શોધવામાં આવી.

[I] બ્રાઝીલમાં વાઘ બિલાડીની નવી પ્રજાતિ, ક્લાઉડેડ વાઘ બિલાડી મળી આવી. જે જંગલોની કાપણી અને તેના અવૈધ શિકારનો સામનો કરી રહી છે.

[II] તે અમેરિકાની સૌથી શરમાળ અને નાની જંગલી બિલાડીમાંની એક છે. જેનું વજન 1.5 થી 3 kg હોય છે.

[III] વિશિષ્ટ ચિત્તીદાર નિશાન તેની વિશેષતા છે જે તેને પ્રાકૃતિક આવાસમાં રહેઠાણ અનુકૂળતા આપે છે.

[IV] ક્લાઉડેડ ટાઈગર કેટ દક્ષિણ મધ્ય અમેરિકી અને એંડિયન પર્વત શ્રેણીના વર્ષા વનોમાં વિશેષતઃ જોવા મળે છે.

Current Affairs By C.H Shingala
Crack GPSC

કરન્ટ અફેર્સ
Crack GPSC
Daily કરન્ટ અફેર્સ PDF આપને
ટેલિગ્રામ ચેનલમાં મળશે.
/CrackGPSCapp

# ⊛ 23 એપ્રિલ - 2024 ⊛

⊛ લૅન્સેટ અનુસાર, સ્તન કેન્સર 2040 સુધીમાં પ્રતિવર્ષ લાખો મોતનું કારણ બનશે.

I) 2020 સુધીમાં પાછલા 5 વર્ષોમાં લગભગ 7.8 મિલિયન મહિલાઓમાં સ્તન કેન્સરનું નિદાન કરવામાં આવ્યું. 2020માં લગભગ 6,85,000 મહિલાનું આ રોગથી મૃત્યુ થયું. જેમાં 12માંથી દર 1 મહિલા 75 વર્ષની ઉંમર પહેલા સ્તન કેન્સરની બાબત સામે આવી છે.

II) સ્તન કેન્સરની બાબતમાં 2020માં 2.3 મિલિયનથી વધી 2040માં 3 મિલિયન થવાની સંભાવના છે.

III) સ્તન કેન્સરથી થતા મૃત્યુમાં 40% ઉચ્ચ આવક વાળા દેશોનો સમાવેશ થાય છે.

IV) સામાન્ય રીતે કેન્સરથી જોડાયેલ પીડાને યોગ્ય રીતે માપવામાં નથી આવતી. જેના માટે રોગીઓ અને સ્વાસ્થ્ય સંચાલકો વચ્ચેના અંતરને ઘટાડવાનો સુજાવ અપાયો છે.

⊛ Intel એ સંતોષ વિશ્વનાથનને ભારત ક્ષેત્ર પ્રમુખ બનાવ્યા.

I) સંતોષ વિશ્વનાથને કમ્પ્યૂટર ચીપ નિર્માતા કંપની Intelના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યા.

II) Intel એ SMG એશિયા પ્રશાંત અને જાપાન (APJ)ના જનરલ મેનેજર તરીકે હંસ ચુઆંગની પણ નિયુક્તિ કરી.

III) Intel એક અમેરિકી બહુરાષ્ટ્રીય નિગમ અને તકનીકી સંસ્થા છે. જેનું વડું મથક સાંતા ક્લારા, કેલિફોર્નિયામાં છે.



## [*] આંતરરાષ્ટ્રીય માતૃ પૃથ્વી દિવસ - ૨૨ એપ્રિલ

[I] ૨૦૦૯માં અપનાવવામાં આવેલ એક પ્રસ્તાવના માધ્યમથી UN મહાસભાએ આ દિવસની ઘોષણા કરી.

[II] આ દિવસ પૃથ્વી અને તેના પારીસ્થિતિક તંત્રને માનવતાના સામાન્ય ઘર તરીકે માન્યતા આપે છે.




[III] દિવસનો ઉદ્દેશ્ય આજીવિકાને બેહતર બનાવવાનો, જલવાયુ પરિવર્તન સામે લડવાનો, જૈવવિવિધતામાં થતા ઘટાડાને અટકાવવાનો અને પૃથ્વીની રક્ષા કરવાનો છે.

(IV) આ દિવસ પ્રથમવાર 22 એપ્રિલ, 1970એ મનાવાયો હતો.
થીમ - ૨૦૨૪ - 'ગ્રહ વિરુદ્ધ પ્લાસ્ટિક'.

## [*] નેશનલ ફર્ટિલાઈઝર્સ લિ.ને 'નવરત્ન'નો દરજ્જો

[I] સાર્વજનિક ઉદ્યમ વિભાગે નેશનલ ફર્ટિલાઈઝર્સ લિ.ને આ દરજ્જો આપ્યો.

[II] ડિસે. ત્રિમાસિકમાં કંપનીનો ચોખ્ખો નફો ₹150.98 કરોડ હતો.

[III] 'નવરત્ન' દેશના પ્રદર્શન કરનાર કેન્દ્રીય સાર્વજનિક ક્ષેત્ર ઉદ્યમોનો એક સમુહ છે. જેને કેન્દ્ર દ્વારા સ્વાયત્તતા અને વિત્તીય શક્તિઓ અપાય છે.

⊙ નેશનલ ફર્ટિલાઈઝર્સ લિ. ⊙

→ રસા.ખાતર, જૈવિક ખાતર અને ઔદ્યોગિક ખાતર બનાવે છે.
→ મુખ્યાલય - નોએડા
→ સ્થાપના - 1 સપ્ટેમ્બર, 1979.

एन एफ एल
NFL

[*] IRDAI એ સ્વાસ્થ્ય વીમા પોલિસી ખરીદનારની આયુ સીમા સમાપ્ત કરી.

[I] IRDAI એ બજારનું વિસ્તરણ કરવા અને સ્વાસ્થ્ય સંભાળના ખર્ચાઓ પર્યાપ્ત રીતે સુરક્ષિત કરવા સ્વાસ્થ્ય વીમા પોલિસીમાં સેટ 65 વર્ષની આયુ સીમા રદ કરી.

[II] આ સુધારાથી ચિકિત્સા ખર્ચાઓ પર્યાપ્ત સુરક્ષા મળશે તથા વ્યક્તિને વીમાનું સંપૂર્ણ કવરેજ મળશે.

[III] IRDAI ના માર્ગદર્શિકા મુજબ કેન્સર, હૃદય કે કિડનીની નિષ્ફળતા તથા એઈડ્સ જેવી બીમારીના ~~કવરેજ~~ કવરેજને ના ન પાડી શકે.

[*] રાષ્ટ્રીય સિવિલ સેવા દિવસ - 21 એપ્રિલ

[I] પ્રશાસનના સુશાસન કામકાજને સુનિશ્ચિત કરવા માટે વિવિધ વિભાગો અને સંગઠનોમાં સિવિલ સેવકોએ કરેલ યોગદાનને સુનિશ્ચિત કરવા આ દિવસ મનાવાય છે.

[II] આઝાદી બાદ સરદાર પટેલે સિવિલ સેવકોને ભારતની સ્ટીલ ફ્રેમ કહ્યા હતા અને તેથી સિવિલ સેવકોના યોગદાનના સન્માનમાં દર વર્ષે રાષ્ટ્રીય સિવિલ સેવા દિવસ મનાવવાની જાહેરાત કરી હતી.

[III] ભારતમાં પ્રથમ રાષ્ટ્રીય સિવિલ સેવા દિવસ 21 એપ્રિલ, 2006 એ મનાવાયો હતો.

[IV] ચાર્લ્સ કોર્નવોલિસને ભારતના સિવિલ સેવાઓના સુધાર અને આધુનિકીકરણમાં તેમના યોગદાન માટે 'ભારતીય સિવિલ સેવાના જનક' તરીકે માનવામાં આવે છે.

Current Affairs By C.P. Singala

ફ્રી
સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો. 76000 51070

[*] CRPF ના ADG નલિન પ્રભાતને NSG પ્રમુખ નિયુક્ત કર્યા.

[I] વર્તમાનમાં પ્રભાત CRPF ના અતિરિક્ત મહાનિર્દેશકના પદ પર કાર્યરત છે.

[II] તેમની નિયુક્તિ કેબિનેટની નિયુક્તિ સમિતિએ આપેલ મંજૂરી હેઠળ કરવામાં આવી.



[III] તેઓ NSG ના વધારાનો ચાર્જ સંભાળતા દલજીત સિંહ (SSB પ્રમુખ) નું સ્થાન લેશે.

[IV] આ નિયુક્તિ તેમના પદ ગ્રહણના બે વર્ષ કે તેમની સેવાનિવૃત્તિ (30 એપ્રિલ, 2026) સુધીની રહેશે.

---

[*] WMO અનુસાર, ભારત 2023માં અત્યાધિક ગરમી અને પૂરથી પ્રભાવિત દેશોમાંનો એક.

---

[I] વિશ્વ આબોહવા સંગઠનના 'એશિયામાં જળવાયુ સ્થિતિ 2023' શીર્ષક આધારિત રિપોર્ટમાં આ બાબત નોંધવામાં આવી.

[II] એપ્રિલ અને મે માં દ.-પૂ. એશિયાના અનેક ક્ષેત્રોમાં લાંબા સમયની ગરમીએ પ્રભાવિત કર્યા. જ્યારે ભારતમાં માર્ચ મહિનો સૌથી ગરમ રહ્યો.

[III] 2022માં હીટવેવથી ઉત્તરી પાકિસ્તાનમાં ગ્લેશિયર પિગળવાથી પૂરની જ્યારે ભારતમાં દાવાનળની સ્થિતિ ઉદ્ભવી હતી. અને ભારતમાં હીટવેવથી ઘઉંના પાકને નુકશાન થયું હતું.

[IV] આ રિપોર્ટમાં ભારત સહિત એશિયામાં જળવાયુ પરિવર્તનની મહત્વપૂર્ણ અસર પર ભાર મુકાયો છે.

Current Affairs By C.H.Shingala

# * 24 એપ્રિલ 2024 *

## * વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ - 23 એપ્રિલ

I) વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ, જે વિશ્વ પુસ્તક દિવસ પણ આ દિવસને કહેવાય છે.

II) આ દિવસ લેખકોના કાર્યોના સન્માન માટે 100 દેશોમાં મનાવાય છે.

III) વર્ષ 2024ની થીમ - 'રીડ યોર વે'

IV) આ દિવસ વાંચન, લેખન, અનુવાદ, પ્રકાશન અને કોપીરાઈટ પ્રત્યેનો પ્રેમભાવ દર્શાવે છે. જેનો પ્રસ્તાવ વિસેંટ ક્લેવલ એંડ્રિસે લેખક મિગુએલ ડે સર્વેંટ્સને સન્માનિત કરવા રાખ્યો હતો.

## * બહુવિધ પ્રવેશ શેંગેન વીઝા - યુરોપીય સંઘ

I) યુરોપીય આયોગે હાલના નિયમોમાં ફેરફાર સાથે યુરોપની સતત યાત્રા કરનાર ભારતીયોને પાંચ વર્ષ માટે બહુવિધ પ્રવેશ શેંગેન વીઝા માટે છૂટ આપી.

II) યુરોપીય આયોગે ભારતીય નાગરિકોને મલ્ટીપલ એન્ટ્રી વિઝા જાહેર કરવાના વિશિષ્ટ નિયમો અપનાવ્યા અને તેના માટે કોડ આધારિત સિસ્ટમ શરૂ કરી.

III) ભારતમાં રહેતા ભારતીય નાગરિકો માટે આ નવી વીઝા કેસ્કેડ વ્યવસ્થા, જે ભારતમાં શેંગેન (અલ્પ પ્રવાસ) વીઝાને આવેદન કરે છે. તે વારંવારના પ્રવાસનો ઈતિહાસ ધરાવનાર માટે સરળ બનશે.

IV) શેંગેન વીઝા ધારકને 180 દિવસની અવધિમાં વધુમાં વધુ 90 દિવસના સમય માટે વીઝા આપવામાં આવશે.

V) શેંગેન ક્ષેત્રમાં 29 યુરોપીય દેશ સામેલ છે. જેમાં વીઝા ધારક સમય મર્યાદામાં હરી ફરી શકશે.

Current Affairs By C.J.Shingala GPSC

## (*) પ્રથમ રેનબો આંતરરાષ્ટ્રીય પર્યટન સંમેલન - કાઠમંડુ, નેપાળ.

(I) આ આયોજન નેપાળ પર્યટન બોર્ડના સહયોગથી નાગરિક સમાજ સંગઠન દ્વારા કરાયું છે.

(II) કાર્યક્રમમાં મુખ્ય અતિથિ મહિલા, બાળ અને વરિષ્ઠ નાગરિક મંત્રી ભગવતી ચૌધરી હાજર રહ્યા. અને તેમણે એશિયાના પ્રથમ સમલૈંગિક સંસદ સભ્ય સુનીલ બાબૂ પંત સાથે કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું.

(III) કાર્યક્રમમાં LGBTQ વિશેષજ્ઞોએ પિંક પર્યટન પર ચર્ચા કરી અને દેશની અર્થવ્યવસ્થા વધારવામાં પર્યટનક્ષેત્રમાં તેમનો સમાવેશ કરવાની ચર્ચા કરી.

(IV) 2007માં ઐતિહાસિક નિર્ણયમાં નેપાળના સુપ્રીમ કોર્ટના સરકારના ત્રીજા લિંગના ભેદભાવના તમામ કાયદાઓ રદ્દ કર્યા હતા. અને 2023માં નેપાળે સમલૈંગિક લગ્નોને કાયદાકીય રીતે માન્યતા આપી.

## (*) 2023માં વૈશ્વિક સૈન્ય ખર્ચમાં 7% નો વધારો - SIPRI

(I) 2023માં વૈશ્વિક સૈન્યખર્ચ 2443 અરબ ડોલર પહોંચ્યો. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPRI)ના અવલોકન અનુસાર USA, ચીન, રશિયા, ભારત અને સાઉદી અરબે સૌથી વધુ સૈન્ય ખર્ચ કર્યો.

(II) પ્રતિવર્ષ આશરે સૈન્ય ખર્ચ 1990 બાદ સૌથી વધુ $306 થયો.

(III) યુક્રેન સૈન્ય ખર્ચ 51% વધારી 65 અરબ ડોલર થતા તે 2023નો આઠમો દેશ બન્યો.

(IV) 2023ના ટોચના 5 દેશ.

1. સંયુક્ત રાજ્ય અમેરિકા → $916 બિલિયન
2. ચીન → $296 બિલિયન
3. રશિયા → $109 બિલિયન
4. ભારત → $83.6 બિલિયન
5. સાઉદી અરબ → $75.8 બિલિયન

Current Affairs By C.H.Shingala GPSC

# ✱ 25 એપ્રિલ - 2024 ✱

✱ સુપ્રીમ કોર્ટે રેપ પીડિતાને 30 અઠવાડિયાનો ગર્ભપાત કરાવવા મંજૂરી આપી.

I) સુપ્રીમ કોર્ટે 14 વર્ષીય કથિત બળાત્કાર પીડિતાને 30 સપ્તાહના ગર્ભપાતની મંજૂરી આપી.

II) મુખ્ય ન્યાયાધીશ ડી વાઈ ચંદ્રચૂડની ખંડપીઠે લોકમાન્ય તિલક નગર મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલના ડિનની પ્રક્રિયા માટે મંજૂરી આપી.

III) SC એ નાબાલિગના પિતાની ગર્ભાવસ્થા સમાપ્ત કરવાની અરજી જે બોમ્બે હાઈકોર્ટે રદ કરી હતી તેને ફેરવીને મંજૂર કરી.

• મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી (MTP) અધિનિયમ •

I) નામાંકિત ડોક્ટરોના અભિપ્રાયોના આધારે ગર્ભાવસ્થાને સમાપ્ત કરવા માટે બનાવાયો.

II) આ અધિનિયમમાં વિવાહિત મહિલાઓ અને વિશેષ શ્રેણીઓ માટે ગર્ભાવસ્થા સમાપ્તિની અધિકતમ સીમા 24 સપ્તાહ છે.

III) વિશેષ શ્રેણીઓમાં બળાત્કાર પીડિતા અને નાબાલિગ જેવી અન્ય કમજોર મહિલાઓ શામેલ છે.

IV) ભારતમાં ગર્ભાવસ્થાનું ચિકિત્સકીય સમાપન (MTP) 1971 થી પ્રતિબંધિત છે.

એક એપ બધી પરીક્ષાઓ
સરકારી નોકરી ની તૈયારી કરો
RFO | TAT | TET | HTAT
ગુજરાતની નં. 1 એપ સાથે CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy.SO/મામલતદાર - બિનસચિવાલય ક્લર્ક - તલાટી - કોન્સ્ટેબલ
76000 51070

★ આંદમાન-નિકોબાર ટાપુમાં શોમ્પેન જનજાતિના સાત સભ્યોએ પ્રથમવાર મતદાન કર્યું.

I આંદમાન નિકોબારમાં વિશેષ રૂપથી નબળા જનજાતીય સમૂહ (PVTG)ના 7 સભ્યોએ લોકસભા ચૂંટણીમાં મતદાન કર્યું.

II મતદાતાઓએ મતદાન કેન્દ્ર 411, જેને 'શોમ્પેન હટ' નામ અપાયું હતું ત્યાં સહેરી લાઇન, ૨૦૧૧ની વસ્તીગણતરીના આંકડાઓ મુજબ આ જનજાતિની સંખ્યા 229 છે.

• મતદાન સાથેના અન્ય રહસ્યો •

(A) છત્તીસગઢમાં બસ્તરના 56 ગામોમાં પ્રથમવાર ગામમાં જ બનેલા મતદાન કેન્દ્રોએ મતદાન થયું.

(B) દુનિયાની સૌથી નાની મહિલા જ્યોતિ આમ્ગેએ મહારાષ્ટ્રના નાગપુરમાં મતદાન કર્યું.

(C) જમ્મુ-કાશ્મીરમાં 'મૂક ગામ'માં કહેવાતા મૂક-બધિર નિવાસીઓએ મતદાન કર્યું.


GPSC Current Affairs By C.H.Shingala

★ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ - ૨૪ એપ્રિલ

I 24 એપ્રિલ 1993એ રાષ્ટ્રપતિએ પંચાયતોને બંધારણીય દરજ્જો આપવા 73માં સુધારા પર સહી કરી અને રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ 2010થી ઉજવવાની શરૂઆત થઈ.

II રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ પંચાયતી રાજનો વિચાર આપ્યો.

III 2024માં થીમ - રાખેલ નથી.



## * વિશ્વ ટીકાકરણ સપ્તાહ - 2024 - 24-30 એપ્રિલ.

(I) લોકોને બિમારીથી બચાવવા માટે રસીના ઉપયોગ બાબતે જાગૃત કરવા આ સપ્તાહ ઉજવાય છે.

(II) 2024ની થીમ - માનવીય રૂપથી સંભવ: રસીકરણના માધ્યમથી જીવન બચાવવું.


(III) રસીકરણ એ પ્રક્રિયા છે જેના માધ્યમથી વ્યક્તિની પ્રતિરક્ષા પ્રણાલી રોગ ઉત્પન્ન કરનાર એજન્ટો સામે રક્ષણ આપે છે.

(IV) રસીકરણ પર વિસ્તારિત કાર્યક્રમ (EPI) 1979માં શરૂ થયો. 1985માં તેનું નામ બદલીને યુનિવર્સલ રસીકરણ કાર્યક્રમ કરાયું.

(V) ભારત સરકારે ભારતમાં રસીકરણ વધારવા મિશન ઈન્દ્રધનુષ લોન્ચ કર્યું. જેમાં ચાલીસ જેટલી બિમારીને નિયંત્રિત કરવાના પ્રયત્નો કરવામાં આવે છે.

(VI) વર્ષ 2024માં વિશ્વ રસીકરણ સપ્તાહ એસોસિયલ પ્રોગ્રામ ઓન ઈમ્યુનાઈઝેશનના 50 વર્ષ પૂર્ણ થાય છે.

Current Affairs By C.H.Shingala
Crack GPSC



# * 26 એપ્રિલ, 2024 *

## (*) વર્લ્ડ પ્રેસ ફોટો ઓફ ધ યર- 2024 - મોહમ્મદ સલેમને

[I] ગાઝા પટ્ટીમાં પોતાની 5 વર્ષીય ભત્રીજીના શબને ખોળામાં રાખેલ ફિલિસ્તાની મહિલાની તસવીર લેનાર મોહમ્મદ સાલેમને આ પુરસ્કાર અપાયો.

[II] આ તસવીર 2023, 17 ઓક્ટોબરે દક્ષિણ ગાઝામાં ખાન યુનિસના નાસિર હોસ્પિટલમાં લેવામાં આવી હતી.

[III] જજના અવલોકન અનુસાર આ તસવીર 'દેખરેખ અને સમ્માન સાથે બની છે. જે એક અકલ્પનીય નુકસાનની પ્રતિકાત્મક અને શાબ્દિક ઝલક આપે છે.

[IV] મોહમ્મદ 2003થી રોયટર્સ માટે કામ કરે છે. તેમને 2010માં પણ વર્લ્ડ પ્રેસ ફોટો પ્રતિયોગિતામાં પુરસ્કાર મળ્યો હતો.

[V] આ પુરસ્કાર એમ્સ્ટર્ડ સ્થિત વર્લ્ડ પ્રેસ ફોટો ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવે છે.

Current Affairs By C.H Shingala
GPSC

## (*) ભારત પે એ ભારત પે વન લોન્ચ કર્યું.

[I] ભારત પે વન ઓલ-ઈન-વન પેમેન્ટ ડિવાઈસ છે. આ એક ડિવાઈસમાં પોઈન્ટ ઓફ સેલ, QR કોડ અને સ્પીકરને એકીકૃત કરે છે.

[II] પ્રથમ ચરણમાં, ભારત પે વનને 100 શહેરોમાં અને ત્યારબાદ 450 શહેરોમાં લોન્ચ કરવામાં આવશે.

[III] ભારતપે વન QR કોડ, ટેપ-એન્ડ-પે અને પરંપરાગત કાર્ડથી ભૂગતાનના વિકલ્પો અપાશે.

[IV] ભારત પે વનમાં HD ટચસ્ક્રીન ડિસ્પ્લે, 4G અને વાઈ-ફાઈ કનેક્ટિવિટી છે અને આખી સિસ્ટમ એન્ડ્રોઈડ OS થી સંચાલિત છે.



## [*] લોરિયસ સ્પોર્ટ્સમેન પુરસ્કાર.

[I] ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચને 2012, 2015, 2016, 2019 બાદ રેકોર્ડ 5મીવાર લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સમેન ઓફ ધ યર પુરસ્કાર અપાયો.

[II] સ્પેનની વિશ્વ કપ વિજેતા ફૂટબોલ સ્ટાર એટાના બોનમતીને વર્લ્ડ સ્પોર્ટ્સવુમન ઓફ ધ યર પુરસ્કાર અપાયો.

[III] ઈંગ્લેન્ડના સ્ટાર ફૂટબોલર જૂડ બેલિંગહૈમને રિયલ મેડ્રિડમાં ટીમના શરૂઆતી પ્રભાવ માટે લોરિયસ બ્રેકથ્રુ ઓફ ધ યર પુરસ્કાર અપાયો.

## [*] DRDO એ સૌથી હલકુ બુલેટ પ્રૂફ જેકેટ બનાવ્યું.

[I] આ જેકેટ BIS- માનાંકના ઉચ્ચસ્તરીય ખતરાના સ્તર-6 સામે રક્ષણ આપે છે.

[II] હાલમાં આ જેકેટનું પરીક્ષણ ચંદીગઢના ટર્મિનલ બેલેસ્ટિક રિસર્ચ લેબોરેટરી (TBRL) માં કરાયું.

[III] રક્ષા મંત્રાલય અનુસાર આ જેકેટને નવી ડિઝાઈન દૃષ્ટિકોણથી બનાવાયું છે. જેમાં ફ્રંટ હાર્ડ આર્મર પેનલ (HAP) ની અનેક હિટ્સ સામે રક્ષણ મળે છે.

[IV] આ જેકેટ પોલિમર બેકિંગ સાથે મોનોલિથિક સિરામિક પ્લેટથી બનેલું છે.

કરન્ટ અફેર્સ
Daily કરન્ટ અફેર્સ PDF આપને ટેલિગ્રામ ચેનલમાં મળશે.
/CrackGPSCapp

**[*] પપુઆ ન્યૂ ગિનીએ ભારત માટે પ્રથમ રક્ષા સલાહકાર નિયુક્ત કર્યા.**

[I] કર્નલ એડિસન નેરવાઓને ભારતના પ્રથમ રક્ષા સલાહકાર નિયુક્ત કરાયા. PNG ના કાર્યકારી ચીફ ઓફ ડિફેન્સ ફોર્સ કમોડોર ફિલિપ પોલેવારાએ કર્નલ એડિસન નેરવાઓને 17 એપ્રિલે નિયુક્તિ માટે વિદાય આપી.

[II] આ નિયુક્તિ ભારત અને પપુઆ ન્યૂ ગિની (PNG) ની વચ્ચે રક્ષા સહયોગમાં સુધાર માટેનું એક મહત્વપૂર્ણ પગલું છે.

[III] બંને દેશો વચ્ચે રાજનૈતિક સંબંધોને 1976માં ઔપચારિક રૂપ અપાયું હતું. અને 2023, મે માં PM મોદી PNG ની મુલાકાતે ગયા હતા અને ફોરમ ફોર ઇન્ડિયા પેસિફિક આઇલેન્ડ્સ કોઓપરેશન (FIPIC) ના ત્રીજા શિખર સંમેલનમાં ભાગ લીધો હતો.

## One Liner News

(1) અજિત કુમાર કે કે ધનલક્ષ્મી બેંકના CEO નિયુક્ત થયા.

(2) પ્રધાનમંત્રી મોદીએ નવી દિલ્હીમાં ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવનું ઉદ્ઘાટન કર્યું.

(3) ભારતે FY 2024માં 58 મિલિયન ટન કોકિંગ કોલસાની આયાત કરી જે પાછલા 10 વર્ષમાં સૌથી વધુ છે.

(4) માલદીવ ચૂંટણીમાં પીપલ્સ નેશનલ કોંગ્રેસે 86 સીટ માંથી 66 સીટ જીતી.

(5) ગ્રાન્ડમાસ્ટર ગુકેશ ડોમ્મરાજૂ પ્રતિષ્ઠિત કેન્ડિડેટ્સ ટૂર્નામેન્ટ જીતનાર સૌથી નાની ઉંમરના વ્યક્તિ બન્યા.

(6) 2024માં લોકસભા ચૂંટણીમાં BJPએ સૂરતમાં (મુકેશ દલાલ) નિર્વિરોધ જીત મેળવી.

Current Affairs By C.H.Shingala

## * 27 એપ્રિલ, 2024 *

### * બાંગ્લાદેશી ગાયિકા રેઝવાના ચૌધરીને પદ્મશ્રી અપાયો

I રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત નાગરિક અલંકરણ સમારોહમાં દ્રૌપદી મુર્મુએ આ પદ્મશ્રી આપ્યા.

II રેઝવાના રવીન્દ્ર સંગીતના અભ્યાસક છે. અને તેમણે મહાત્માગાંધીની 150મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં 'વૈષ્ણવ જન તો' ગાયું હતુ.

III તેઓ ઢાકામાં પ્રતિષ્ઠિત સંગીત વિદ્યાલય 'શુરેર ધારા' ચલાવે છે.



### * નઈમા ખાતૂન - અલીગઢ મુસ્લિમ યુનિ.ના VC બન્યા.

I નઈમા ખાતૂન 5 વર્ષના સમય માટે VC બન્યા. જેથી પાછલા 100 વર્ષોમાં આ પદ મેળવનાર પ્રથમ મહિલા બનશે.

II નિયુક્તિ માટે આચાર સંહિતાને ધ્યાને રાખતા ચૂંટણી પંચની મંજૂરી બાદ રા.પતિ મુર્મુએ નિયુક્તિ કરી.

III 1875માં સ્થાપિત, મોહમ્મડન એંગ્લો-ઓરિએન્ટલ કોલેજ 1920માં અલીગઢ મુ. યુનિ. અધિનિયમ હેઠળ યુનિ. બનાવાય. જેણે 2020માં 100 વર્ષ પૂર્ણ કરતા તે ભારતની સૌથી જૂની વિશ્વવિદ્યાલયોમાંની એક બની.

IV 1920માં બેગમ સુલ્તાન જહાં ને ચાંસેલર બનાવાયા બાદ હાલ સુધી કોઈ મહિલા આ પદે આવ્યા ન હતી.



[*] આર્યભટ્ટ પુરસ્કાર- પાલુકુરી સુબ્બા રાવને.

[I] અનંત ટેકનોલોજીસના સંસ્થાપક, CEO અને અધ્યક્ષ શ્રી રાવને એસ્ટ્રોનોટિકલ સોસાયટી ઓફ ઈન્ડિયા દ્વારા સ્થાપિત 'આર્યભટ્ટ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા. અને તેમને ASI ના 'પ્રતિષ્ઠિત ફેલો'ની ઉપાધિથી સન્માનિત કરવામાં આવ્યા.



[II] ભારતમાં અંતરિક્ષ વિજ્ઞાનને આગળ વધારવામાં કરાયેલા પ્રયાસો બદલ તેમને આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

[III] 1992માં રાવે ISRO અને રક્ષા ક્ષેત્રના માટે હેરાની આધુનિક એવિયોનિક્સને સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસિત કરવા માટે બીડું ઝડપ્યું હતું.

[IV] શ્રી રાવની અનંત ટેકનોલોજીએ ભારતીય અંતરિક્ષ કાર્યક્રમ માટે 98 ઉપગ્રહો અને 78 લોન્ચ વાહનોની આપૂર્તિ કરી છે.

[*] કોલેરાની એક મૌખિક રસીને WHO એ પૂર્વ-યોગ્યતા આપી.

[I] WHO એ કોલેરા માટે 'યુવિકોલ-એસ' રસીની પૂર્વ યોગ્યતા આપી. રસીનો પ્રભાવ હાલની અન્ય રસીઓ સમાન જ છે પરંતુ અન્યની સાપેક્ષે તેનું ફોર્મ્યુલેશન સરળ છે.




[II] આ વેક્સિન દક્ષિણ કોરિયા સ્થિત યુબાયોલોજિક્સ કંપની લિ. એ બનાવી છે.

[III] 2022માં કોલેરાના 4,73,000 કેસ સામે આવ્યા. જે 2021ની સાપેક્ષે બમણા છે.

[IV] કોલેરા - વિબ્રિયો કોલેરા નામક વાયરસથી થતો રોગ છે.

## * રતન ટાટાને KISS માનવતાવાદી પુરસ્કાર-2021 અપાયો.

[I] KIIT અને KISS (કલિંગ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સ)ના સંસ્થાપક અચ્યુત સામંતે આ પુરસ્કાર એનાયત કર્યો.

[II] આ પુરસ્કારની શરૂઆત 2008માં કરવામાં આવી હતી. જેનો ઉદ્દેશ્ય એવા સંગઠનો અને વ્યક્તિને સન્માનિત કરવાનો છે જેમણે વૈશ્વિક સ્તરે પ્રતિરૂપ માનવીય કાર્યો કર્યા હોય.

[III] રતન ટાટાનો આ પુરસ્કાર 2021માં જાહેર કરાયો હતો પરંતુ Covid-19 ને ધ્યાને રાખતા તેમાં વિલંબ થયો.



## * વિશ્વ મેલેરિયા દિવસ-25 એપ્રિલ

[I] મેલેરિયાને અટકાવવા અને આવશ્યક ઉપચારો બાબતે જાગૃતતા લાવવા 2007માં WHO એ વિશ્વ સ્વાસ્થ્ય સભાના 60માં સત્રમાં વિશ્વ મેલેરિયા દિવસની જાહેરાત કરી.

[II] વર્ષ 2024ની થીમ: 'વધુ ન્યાયસંગત વિશ્વ માટે મેલેરિયા સામેની લડાઈ તેજ કરવી.'

[III] આફ્રિકી સરકાર 2001થી આફ્રિકા મેલેરિયા દિવસ મનાવે છે.

Current Affairs By C.H.Shingala

### ⊙ મેલેરિયા ⊙

→ એનોફિલિસ માદા મચ્છરના કરડવાથી થતો સંક્રામક રોગ.

→ 1897માં સર રોનાલ્ડ રોસે મનુષ્યમાં માદા મચ્છરથી મેલેરિયા ફેલાતો હોવાનું નિષ્કર્ષ આપ્યું.




→ હાઈડ્રોક્સી ક્લોરોક્વીન એ મેલેરિયા વિરોધી દવા છે.

# [*] 24 એપ્રિલ - 2024 [*]

**[*] ડેટા ટ્રાફિકની બાબતમાં રિલાયન્સ જિયો દુનિયાનું સૌથી મોટું મોબાઈલ ઓપરેટર બન્યું.**

[I] ડેટા ટ્રાફિક બાબતે ચાઈના મોબાઈલને પછાડી રિલાયન્સ જિયો નંબર વન બન્યું.

[II] જિયો નેટવર્ક પર કુલ ટ્રાફિક દર વર્ષે 35.2% વધે છે અને હાલ તે 40.9 EB સુધી પહોંચ્યો.

[III] જિયો પાસે 481.8 મિલિયન ગ્રાહકો છે. અને 108 મિલિયન ટ્રૂ 5G ગ્રાહકો સાથે સંકલનમાં છે.

**[*] નિઃશસ્ત્રીકરણ, અપ્રસાર, નિકાસ નિયંત્રણ પર ભારત-જાપાન પરામર્શ - ટોક્યો ખાતે આયોજિત થયો.**

Current Affairs By C.H.Shingala
Crack GPSC

[I] બંને દેશોએ પરમાણુ, રાસાયણિક અને જૈવિક ડોમેન, અંતરિક્ષ સુરક્ષા, અપ્રસાર બાબતો, હથિયાર નિકાસ નિયંત્રણ પર આદાન-પ્રદાન કર્યું.

[II] વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ મુઆનપુઈ સૈયાવીએ ભારત તરફથી પ્રતિનિધિત્વ કર્યું.

[III] જાપાન તરફથી કાત્સુરો કિતાગાવાએ નેતૃત્વ કર્યું હતું.






(*) હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડને વર્ષના ઉત્કૃષ્ટ સાર્વજનિક ક્ષેત્રના ઉપક્રમનો પુરસ્કાર અપાયો.

[I] ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિએશન મેનેજિંગ ઈન્ડિયા એવોર્ડ સમારોહમાં HAL ને આ પુરસ્કાર અપાયા જે દિલ્હીમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના હસ્તે અપાયો.

[II] FY 2023માં 11%ની આવક વૃદ્ધિ સાથે HAL એ ₹ 29,810 કરોડથી વધારેની આવક મેળવી અને પોતાના ક્ષેત્રમાં ઉચ્ચતમ પ્રદર્શન કર્યું.

HAL

(A) વિશ્વના સૌથી જૂના અને મોટા એરોસ્પેસ અને રક્ષા નિર્માતાઓમાંનું એક.

(B) સ્થાપના- 23 ડિસેમ્બર, 1940. વાલચંદ હીરાચંદ દ્વારા તત્કાલીન મૈસૂર સામ્રાજ્યના સહયોગથી બેંગલુરુમાં

(C) સરકારી માલિકીનું નિગમ છે જે વિમાન, જેટ એન્જિન, હેલિકોપ્ટર ડિઝાઈન અને નિર્માણ કરે છે.

(D) વડું મથક- બેંગ્લોર

(*) સુપ્રીમ કોર્ટે સરકારને 'ભ્રામક વિજ્ઞાપન'નો ઉપયોગ કરતી ફાસ્ટ-મૂવિંગ ગુડ્સ (FMCG) પર કાર્યવાહી કરવાનો અભિપ્રાય આપ્યો.

[I] SC ના નિવેદન અનુસાર FMCG કંપની તેમના ઉત્પાદનો બાબતે 'ભ્રામક વિજ્ઞાપન' આપે છે. ઉપભોક્તાઓ વિશેષરૂપથી બાળકો અને શાળામાં અભ્યાસ કરતા બાળકો છે જે આ વિજ્ઞાપનો જોવે છે.

[II] આ પ્રકારના વિજ્ઞાપનથી સ્વાસ્થ્યને ખૂબ જ હાનિકારક અસર થાય છે.

[III] ભારત સાથે આફ્રિકી અને લેટિન અમેરિકી દેશોમાં વેચવામાં આવતા નેસ્લેના બાળ ખાદ્ય ઉત્પાદનોમાં ઉચ્ચ ચીની સામગ્રી (ખાંડ) નું પ્રમાણ હાલ મળી આવ્યા બાદ તે ચિંતાનો વિષય બન્યું છે.

Current Affairs By C.H.Shingala

**(*) હિમાલય ક્ષેત્રની હિમનદીઓ જળાશયોનો આકાર વધી રહ્યાનો ISROનો રિપોર્ટ.**

(I) 1984 બાદથી 10 હેક્ટરથી મોટી પ્રત્યેક ચાર હિમનદી જળાશયોમાં એક ક્ષેત્રમાં વધારો નોંધાવી રહી છે. આ હિમનદીઓ જળાશયો ફાટવાથી પૂરની સ્થિતિને આમંત્રિત કરી રહી છે.

(II) 2016-17માં ઓળખાયેલા ક્ષેત્રમાં 10 હેક્ટરથી વધુ 2431 હિમનદી જળાશયોમાં પરિણામી છે. અને 1984ની સાપેક્ષ તેનો આકાર 1.5 થી 2 ગણો વધ્યો છે.

(III) હાલના આંકડાઓ અનુસાર 314 જળાશયો 4 થી 5 હજાર મીટર પર સ્થિત છે જ્યારે 296 જળાશયો 5000 મીટરથી વધુની ઊંચાઈએ છે.

(IV) સૌથી મહત્વનો ગોપાંગગાથ હિમનદી જળાશય (સિંધુ નદી બેઝિન) નો આકાર 1989 અને 2022 વચ્ચે 36.49 હેક્ટરથી વધીને 101.30 હેક્ટર થયો. જે અતિ ગંભીર સ્થિતિ દર્શાવે છે.

(V) ગ્લેશિયર જળાશયોના વિસ્ફોટક પૂર (GLOF) નીચલા પ્રવાહમાં રહેતા સમુદાયો માટે વિનાશકારી પરિણામ લાવે છે. હિમાલય પર્વતને તેના વ્યાપક ગ્લેશિયર અને બરફથી ઢંકાયેલ હોવાથી ત્રીજો ધ્રુવ માનવામાં આવે છે.

(vi) સમગ્ર દરના જળવાયુ પરિવર્તનના કારણે થઈ છે. જળવાયુ પરિવર્તનથી ગ્લેશિયરોના આકાર ઘટી ના જળાશયો અને નદીઓમાં પરિવર્તિત થઈ રહ્યા છે.

Current Affairs By C.H.Shingala

## (*) 29 એપ્રિલ-2024 (*)

**(*) જર્મનીએ ભારત પરના નાના હથિયાર વેચાણનો પ્રતિબંધ દૂર કર્યો.**

I. વધતા રાજનૈતિક અને સૈન્ય સંબંધો માટે, જર્મનીએ અપવાદ તરીકે ભારતમાંથી આ પ્રતિબંધ હટાવ્યો. અગાઉ જર્મને બિન-નાટો દેશોને નાના હથિયારોના વેંચાણ પરનો પ્રતિબંધ લગાવ્યો હતો. જેનાથી જર્મનીથી ભારતીય સેના અને રાજ્ય પોલીસ દળોને હથિયાર આયાત બંધ હતી.

II. આ અગાઉ જર્મનીએ રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (NSG) ને MP5 મશીન ગન માટે સ્પેરપાર્ટ્સ અને સહાયક ઉપકરણ ખરીદીને મંજૂરી આપી હતી.

III. જર્મન ફર્મ, હેકલર એન્ડ કોચ, MP5 સબમશીન ગન બનાવે છે. જેનો ઉપયોગ NSG અને ભારતીય નૌસેનાના સમુદ્રી કમાન્ડો (MARCOS) દ્વારા થાય છે.

IV. જર્મની ભારતને ભવિષ્યમાં લાઈટ ટેંક કાર્યક્રમ માટે એન્જિન પણ આપી શકે છે.

**(*) FY23માં ભારતમાં 83,000 પેટન્ટ દાખલ થઈ જે 24.6% વૃદ્ધિ દર્શાવે છે.**

I. નેસકોમના પેટન્ટ ટ્રેન્ડ્સ રિપોર્ટ અનુસાર, FY2023માં ભારતમાં 83,000 પેટન્ટ દાખલ થઈ જે પાછલા બે દશકમાં સૌથી વધુ છે.

II. ભારતીયો દ્વારા પેટન્ટ અરજી વર્ષ 2019માં કુલ ફાયલિંગના 33.6% થી વધી 2023માં 50% થી વધુ થઈ.

III. AI, IOT અને ન્યૂરોટેક્નોલોજી ભારતમાં ડીપટેક સ્ટાર્ટ-અપ દ્વારા દાખલ થયેલ પેટન્ટોમાંથી એક છે. સૌથી વધુ પેટન્ટ સ્વાસ્થ્ય ક્ષેત્ર, મેડિકલ ઈમેજિંગ, નિદાન જેવી બાબતોમાં થયા.

Current Affairs By C.H.Shingala GPSC

⊛ સમુદ્રી ભાગીદારી અભ્યાસમાં ભારતીય નૌસેનાએ UK લિટોરલ રિસ્પોન્સ ગ્રુપ સાથે ભાગ લીધો.

I સમુદ્રી ભાગીદારી અભ્યાસમાં ભારતીય નૌસેનાના સ્વદેશી INS સહ્યાદ્રી એ રોયલ નેવીના RAF આર્ગસ અને RAF લાઈમ બે, જેઓ સમુદ્રમાં યુકે લિટોરલ રિસ્પોન્સ ગ્રુપ સાઉથનો હિસ્સો છે. તેણે ભાગ લીધો.

II અભ્યાસ બંને નૌસેનાઓને સર્વોત્તમ પ્રથાઓના આદાન-પ્રદાનનો અવસર આપશે.

III અભ્યાસથી સમુદ્રી સમજૂતી મજબૂત થશે અને ક્ષેત્રીય સ્થિરતા વધશે.

⊛ પૂર્વ પહેલવાન નરસિંહ યાદવને WAFI ના સાત સભ્ય એથલીટ પેનલના અધ્યક્ષ બનાવાયા.

I રમતના વિશ્વ સંચાલક મંડળે અનિવાર્ય પ્રક્રિયા માટે પૂર્વ રાષ્ટ્રમંડલ રમતના સ્વર્ણ પદક વિજેતા નરસિંહ પંચમ યાદવને ભારતીય કુશ્તી મહાસંઘના અધ્યક્ષ બનાવ્યા.



II અર્જુન પુરસ્કાર વિજેતા અને 2010 એશિયાઈ ચેમ્પિયનશિપના સ્વર્ણ પદક વિજેતા નરસિંહે 2012 લંડન ઓલિમ્પિકમાં ભાગ લીધો હતો.

III 7 સભ્યોની પસંદગીમાં 8 ઉમેદવારોએ ભાગ લીધો અને મતદાન પ્રક્રિયાથી 7ની પસંદગી કરવામાં આવી.

IV અન્ય ચૂંટાયેલા સભ્યો.

(1) સાહિલ (દિલ્લી), (2) સ્મિતા એએસ (કેરળ) (3) ભારતી ભાગેડ (UP), (4) ખુશબૂ એસ પવાર (ગુજરાત), (5) નિક્કી (હરિયાણા) (6) શ્વેતા દુબે (બંગાળ)

Current Affairs By C.F. Shingala GPSC

[*] યક્ષગાન પ્રતિપાદક સુબ્રમણ્યમ ધારેશ્વરનું 67 વર્ષની વયે બેંગલુરુમાં નિધન.

[I] યક્ષગાન ગાયક સુબ્રમણ્ય ધારેશ્વર તેમના શાનદાર અવાજ માટે 'ભાગવત શ્રેષ્ઠ' થી ઓળખાય છે.

[II] તેમણે કલિંગ નવાડાના ગયા બાદ તેમની જગ્યા પૂરવાનું સન્માન મળ્યું અને બડગુથિટ્ટુ સંસ્કરણમાં યક્ષગાનની એક નવી લહેર પેદા કરી.



[III] તેમણે 46 વર્ષ સુધી યક્ષગાન ક્ષેત્રમાં સેવા કરી જે તટીય કર્ણાટકનું એક નૃત્ય છે. જેમાં વિશિષ્ટ ગાયન, નૃત્ય અને નાટક સામેલ છે

[IV] યક્ષગાન કેરળના થેય્યમ કલારૂપ સાથે સમાનતા ધરાવે છે.

[*] ભારતીય મનોવિશ્લેષણના જનક સુધીર કક્કડનું નિધન

[I] સુધીર એક પ્રસિદ્ધ સાંસ્કૃતિક આલોચક હતા અને તેમણે ભારતમાં મનોવિશ્લેષણના ક્ષેત્રમાં અવિસ્મરણીય છાપ છોડી. જેમનું 85 વર્ષે નિધન થયું.

[II] તેમણે 20 થી વધુ નોન-ફિક્શન અને ફિક્શન પુસ્તકો લખ્યા. ધ ઈનર વર્લ્ડ (1978) તેમની પ્રથમ કૃતિ હતી.

[III] તેમણે ભારતમાં ધર્મના પ્રભાવ, સામાજિક માપદંડો, આંતરંગ સંબંધો, યૌન અભિવ્યક્તિ સહિતના ઓછા ચર્ચાસ્પદ વિષયો બાબતે અવાજ ઉઠાવ્યો હતો.

[IV] તેમણે વિયેના વિશ્વવિદ્યાલયમાંથી અર્થશાસ્ત્રમાં PHD અને ફ્રેન્કફર્ટમાં સિગમંડ ફ્રાયડ સંસ્થામાંથી મનોવિશ્લેષક તરીકે પ્રશિક્ષણ મેળવ્યું.

Current Affairs C.H.Siringala GPSC

## [*] ૩૦ એપ્રિલ-૨૦૨૪ [*]

### [*] UAE બાદ ભારતીય પાસપોર્ટ દુનિયાનો સૌથી સસ્તો પાસપોર્ટ.

[I] કાયદેસરતાની પ્રતિવર્ષનો ખર્ચ બાબત ભારતીય પાસપોર્ટ બીજો સૌથી સસ્તો છે. જોકે ભારતના નાગરીક ભારતીય પાસપોર્ટ સાથે માત્ર 62 દેશોમાં વીઝા-મુક્ત યાત્રા કરી શકે છે.

[II] UAE નંબર-1 સાથે અધિગ્રહણ ખર્ચ અને વીઝા મુક્ત પહોંચવાની બાબતમાં સૌથી સસ્તો પાસપોર્ટ છે.

[III] સમગ્ર બાબત ઓસ્ટ્રેલિયાઈ ફર્મ કંપેયર ધ માર્કેટ AUના અધ્યયનના આધારે નોંધવામાં આવી છે. તેમાં વિવિધ દેશોના પાસપોર્ટ પ્રાપ્ત કરવાનો ખર્ચ, તથા અન્ય ખર્ચ અને વીઝા મુક્ત દેશોની ભ્રમણ ક્ષમતાને ચકાસવામાં આવી.

[IV] આ અધ્યયન અનુસાર મેક્સિકોનો પાસપોર્ટ સૌથી મોંઘો છે જ્યાં 10 વર્ષના પાસપોર્ટની કિંમત 231.05 અમેરિકી ડોલર છે. ત્યારબાદ બીજા સ્થાને ઓસ્ટ્રેલિયા (225.78 $) છે. ભારતમાં 10 વર્ષની અવધિના પાસપોર્ટની કિંમત 18.07 $ છે જ્યારે UAE માં 5 વર્ષ માટેની કિંમત 17.70 $ છે.

Crack GPSC Current Affairs By C.H.Shingala

### [*] રત્ન અને આભૂષણક્ષેત્રને કેન્દ્રએ AEO નો દરજ્જો આપ્યો.

[I] રત્ન અને આભૂષણ ક્ષેત્ર, રત્ન અને આભૂષણ નિકાસ સંવર્ધન પરિષદને કેન્દ્ર સરકાર અધિકૃત આર્થિક સંચાલકનો દરજ્જો આપ્યો.

[II] ૨૦૧૧માં વ્યાપારમાં સરળતા માટે સીમા શુલ્ક વિભાગ AEO કાર્યક્રમ શરૂ કર્યો. જેનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય આપૂર્તિ શ્રૃંખલા સુરક્ષાને વધારવાનો અને વૈધ વસ્તુઓની આયાત નિકાસની સુવિધા વધારવાનો છે.

[III] ભારતનો AEO કાર્યક્રમ WTO TFA ના અનુચ્છેદ 7.7 હેઠળ આવે છે. જેમાં આવેદન કરનાર ૨૦ કંપનીઓમાંથી હીરા અને હીરાના આભૂષણ નિર્માતા એશિયન સ્ટારને AEO નો દરજ્જો આપ્યો.

[*] ક્રિકેટર યુવરાજ સિંહને ICC પુરુષ T-૨૦ વિશ્વકપ ૨૦૨૪ના રાજદૂત નિયુક્ત કરાયા.

[I] આ જાહેરાત ભારતના T૨૦ વિશ્વકપ ૨૦૦7માં એક ઓવરમાં 6 સિક્સ મારવા બદલની યુવરાજની સિદ્ધિના કારણે થઈ છે.

[II] પ્રતિયોગિતા માટે રાજદૂતની જાહેરાતમાં યુવરાજ, વેસ્ટઈન્ડિઝના આઈકન ક્રિસગેલ અને ૮વારના ઓલિમ્પિક સ્વર્ણ વિજેતા ઉસૈન બોલ્ટ સામેલ હતા.

[III] રાજદૂત તરીકે યુવરાજ USA માં T૨૦ વિશ્વકપ પહેલા અને દરમિયાન પ્રચારમાં ભાગ લેશે.

[IV] USA અને વેસ્ટઈન્ડિઝની સહ મેજબાનીમાં ICC પુરુષ T૨૦ વિશ્વકપ 1-૨૯ જૂન બારબાડોસમાં આયોજિત થશે.

[*] વિઝિંજમ પોર્ટને ભારતના પ્રથમ ટ્રાન્સશિપમેન્ટ હબ તરીકે ચલાવવાની મંજૂરી અપાઈ.

[I] કેરળમાં અદાણીના વિઝિંજમ પોર્ટને ભારતના પ્રથમ ટ્રાન્સશિપમેન્ટ પોર્ટ તરીકે સંચાલિત કરવા કેન્દ્રથી મંજૂરી મળી.

[II] ટ્રાન્સશિપમેન્ટ પોર્ટ એક મહત્વપૂર્ણ કેન્દ્ર છે જ્યાં કાર્ગોને એક મોટા જહાજથી અનેક નાના જહાજોમાં સ્થળાંતરિત કરી શકાય છે.

[III] ભારતના 75% ટ્રાન્સશિપમેન્ટ કાર્ગો વર્તમાનમાં કોલંબો, સિંગાપુર અને કલૈંગ જેવા વિદેશી બંદરો પર સંચાલિત કરવામાં આવી રહ્યા છે.

Current Affairs By C.H.Shingala

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

UP TO 40% OFF

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

**IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર**



| હું છું 'ગુજરાત' | આધુનિક ભારતનો ઇતિહાસ | ભારતનો ઇતિહાસ | ભારતીય કલા અને સંસ્કૃતિ | પાવરફુલ જનરલ નોલેજ |
|---|---|---|---|---|
| MRP. ~~496/-~~ | MRP. ~~380/-~~ | MRP. ~~380/-~~ | | |
| Only @ 299/- | Only @ 230/- | Only @ 230/- | Coming... | Coming... |

**કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ**



| ફાસ્ટ ટ્રેક ભારતનો ઇતિહાસ | ફાસ્ટ ટ્રેક બંધારણ | માસ્ટર GK | ગુજરાત GK | અર્થશાસ્ત્ર પ્રશ્નબેંક |
|---|---|---|---|---|
| MRP. ~~270/-~~ | MRP. ~~230/-~~ | MRP. ~~385/-~~ | MRP. ~~280/-~~ | MRP. ~~180/-~~ |
| Only @ 162/- | Only @ 170/- | Only @ 235/- | Only @ 168/- | Only @ 126/- |

ORDER

Visit website crackgpsc.com/books OR અથવા Crack GPSC એપમાં BOOKS વિભાગ પરથી OR અથવા અહીં આપેલ QR કોડ દ્વારા પેમેન્ટ કરો.

કુરિયર સર્વિસ FREE (4 થી 5 દિવસમાં ડિલીવરી)

QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

## Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય

સરકારી નોકરીની તૈયારી માટે

76000 51070


Crack G GPSC

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે અગત્યનાં પુસ્તકો

**બુકની ઈમેજ પર ક્લિક કરી બુકની સંપૂર્ણ માહિતી મેળવો અને ઓર્ડર કરો.**




ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT

**એક એપ, બધી પરીક્ષાઓ**



વધુ માહિતી માટે **Crack GPSC** એપમાં **BOOKS** વિભાગ વિઝિટ કરો. એમેઝોન પર પણ ઉપલબ્ધ .

# એક એપ, બધી પરીક્ષાઓ

કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

# સરકારી નોકરીની તૈયારી કરો

**ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ**

## CRACK GPSC

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

**TAT | TET | HTAT**



- ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર.
- ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે **Crack GPSC**

**વધુ વિગત માટે સંપર્ક કરો. 7600051070**

રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા આનંદ મહોત્સવ નિમિત્તે

# હાર નહિ માનુંગા

## કોઈ પણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર



**ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ**

# CRACK GPSC

## FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.

- **Video Courses** પર ક્લિક કરી **કોર્સ** પર ક્લિક કરો.
- **Redeem Code** પર ક્લિક કરી **CrackGPSC** કોડ દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.

(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)

**અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.**